# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા:૦૮–૦૩–૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'વિમેન્સ ડે ' નિમિત્તે કાર્યક્રમ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝવિંગના ઉપક્રમે **'વિમેન્સ ડે'** ની ઉજવણી માટે વિવિધતા સભર કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સુરતના ડેપ્યુટી મેયર શ્રીમતી છાયા ભુવા તથા મુખ્ય વકતા તરીકે જાણીતા લેખિકા અને કોલમિસ્ટ શ્રીમતી કાજલ ઓઝા–વૈદ્યએ ઉપસ્થિત રહી પ્રેરક વકતવ્ય રજૂ કર્યા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી પોતાના વકતવ્યમાં મહિલાદિનની ઉજવણી વિશે રોચક વાતોનો ઉલ્લેખ કરતાં કહયું હતું કે,ખરેખરતો દરરોજ મહિલાઓને સન્માનપૂવર્ક જોવા જોઈએ.

લેડિઝવિંગ ચેરપર્સન શ્રીમતી રેશ્મા એન.માંડલેવાળાએ મહિલાદિનનું મહત્વ સમજાવતાં કહયું હતું કે,આપણા દેશમાં તો પ્રાચીનકાળથી નારીનું મહત્વ જળવાયેલું છે.લજ્જા,સહનશીલતા,પ્રતિબધ્ધતા અને પરિવારના સુખ માટે અસ્તિત્વને ઓગાળી નાંખનારી નારી મહાન ગણાતી.બદલાયેલા સમયમાં

આજે નારીએ પોતાની ઓળખ ઉભી કરવાનું શરૂ કર્યું છે અને નારીની એ શકિતને સમાજે પણ સ્વીકારી છે.ઘર સંભાળનારી ગૃહિણીને વર્કિંગ વુમન કરતાં ઓછુ મહત્વ ન અપાવું જોઈએ કેમકે એપણ પોતાનું ખાસ મહત્વ ધરાવે છે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન  સુરતના ડેપ્યુટી મેયર શ્રીમતી છાયા ભુવા એ પ્રાસંગિક વકતવ્યમાં કહયું હતું કે,દરેક  મહિલા શકિતનું સ્વરૂપ છે.જયારે સ્ત્રી પોતાની શકિતનો ઉપયોગ સારી દિશામાં કરે છે ત્યારે એ સન્માનને પાત્ર બને છે.આજે દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે.તેમણે સ્ત્રીભૃણ હત્યા વિશે કહયું હતું કે દિકરી જો વહાલનો દરિયો હોય તો પછી દિકરીના જન્મથી દુઃખી શું કામ થવું જોઈએ?

મુખ્ય વકતા શ્રીમતી કાજલ ઓઝા વૈદ્યનો પરિચય મિનાઝ પંજવાણીએ આપ્યો હતો.

શ્રીમતી કાજલ ઓઝા વૈદ્યએ એક સવાલ સાથે પોતાના વકતવ્યનો આરંભ કરતાં કહયું હતું કે,મહિલા દિન કોઈ ખાસ દિવસે જ શું કામ ઉજવવો જોઈએ?તેમણે કહયું કે,કળા માટે સ્ત્રી કે પુરૂષનો ભેદ નથી મોટી હોટલોમાં જે શેફ છે એ બધા પુરૂષો જ છે.એટલે કોઈ પણ કળા સાઘ્ય કરી શકાય છે.આજની સ્ત્રી જુદુ વિચારે છે અને જુદું જીવે છે.જો આપણે સાચા અર્થમાં મહિલા દિન ઉજવવો હોયતો આપણે સ્ત્રીપણાનું મુખ્ય લક્ષણ એવી લાગણીને જીવંત રાખવી જોઈએ.તેમણે કહયું  હતું કે,નારી માટે આર્થિક સ્વતંત્રતા મોટી વાત નથી ખરેખરતો માનસિક રીતે સ્વતંત્ર થવાની જરૂર છે.આપણે સંસ્કૃતિની વાત આવે ત્યારે પશ્ચિમને શું કામ દોષ દઈએ છે એ સમજાતું નથી.કેમકે પશ્ચિમે જ આપણને કળા,સાહિત્ય અને નાટયના રૂપમાંઘણું અહાપ્યું છે.આજે શહેરની સ્ત્રીને ખરેખર તો કોઈ પીડા જ નથી અને ગ્રામીણ મહિલામાં પણ પરિવર્તન આવી રહયું છે.જે દુખી થાય છે એનું કારણ નિયમને સમજયા વિના બદલવાનો પ્રયાસ કરતા હોવાનું જ હોય છે. તમણે એમ પણ કહયું હતું કે,અત્યાચારની ફરિયાદ કરવાને  બદલે તેનો સામનો કરવાની હિંમત કેળવવી જોઈએ.લગ્ન જીવનની સફળતા વિશે તેમણે કહયું હતું કે,આદર્શ લગ્ન ઈચ્છનીય છે પરંતું એ અનિવાર્ય નથી.જો ખોટો સંઘર્ષ ટાળી શકો તો શાંતિ આપોઆપ મળી શકે છે.

કાયુક્રમમાં નાટક'ઉડાન'ની રજૂઆત તથા શિવ તાંડવ નૃત્ય પણ રજૂ થયા હતા.કાર્યક્રમને અંતે લેડિઝવીંગના કો ચેરપર્સન શ્રીમતી બંદના ભટ્ટાચાર્યએ  આભારવિધિ આટોપી હતી.